# હેપ્પી બર્થ ડે ટુ ગાંધીનગર : આજે નગરનો ૪૮મો જન્મદિવસ

ગાંધીનગર, તા. ૧

સાડા ચાર દાયકાથી વધુ સમયના અંતે કર્મચારીનગર કે ગ્રીનસીટીથી કાંઈક વિશેષ સામાજિક અને શૈક્ષણિક નગર તરીકે ઉભરી આવતા ગાંધીનગરનો આજે ૪૮મો જન્મદિવસ છે. વિકાસના નવતર અભિગમના અંતે હાઈટેક બનતા ગાંધીનગરનો સિનારીયો બદલાયો છે. પરંતુ નગરના અસ્તિત્વકાળથી ગળે વળગેલી સમસ્યાઓ હજુ પણ સમાયંતરે ડોકીયા કરતી રહે છે. બીજી તરફ વિકાસની હરણફાળ ભરતા શાંત પ્રકૃતિના નગરના મિજાજમાં બદલાવ જોવા મળી રહ્યો છે. આજથી ૪૭ વર્ષ પૂર્વે નગર વિકાસની પ્રથમ ઈંટ જ્યાં મુકાઈ હતી તે જીઈબી પાવર સ્ટેશનના વિશ્રામગૃહ ખાતે આજે નગરના ૪૮મા જન્મદિવસની ઉજવણી કરવામાં આવનાર છે. આ તબક્કે કેક કાપીને ગાંધીનગરને હેપ્પી બર્થડેની શુભેચ્છા પાઠવવામાં આવશે.

શહેર વસાહત મહામંડળ તેમજ જીઈબી થર્મલ પાવર સ્ટેશનના સંયુક્ત ઉપક્રમે તા. ૨ ઓગષ્ટના રોજ જીઈબી સ્થિત વિશ્રામગૃહ ખાતે નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે જન્મ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યા અનુસાર સવારે ૯ કલાકે તકતીનુ પૂજન તેમજ પ્રાર્થના યોજવામાં આવશે. ત્યારબાદ મહાનુભાવોની ઉપસ્થિતિમાં કેક કાપીને નગરના જન્મદિવસની શુભેચ્છા વ્યક્ત કરવામાં આવશે. આ તબક્કે મહાનગર પાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા કલેક્ટર, ગુડાના ચેરમેન અશોક ભાવસાર, પ્રભારી સચિવ સંજય પ્રસાદ, મ્યુનિ કમિશનર સી.આર. ખરસાણ સહિત થર્મલ પાવર સ્ટેશનના અધિકારીઓ ઉપસ્થિત રહેશે. વધુમાં નગરની વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ પણ જન્મદિવસની ઉજવણીમાં ભાગ લેશે. નગરની હરિયાળી બરકરાર રહે તેમજ શહેર બેરનસીટી બનતુ અટકે તેવા અભિગમ સાથે વન વિભાગના સહકારથી વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે.

## ચ-૩ પાસે ભેખડ ધસી પડતાં દટાયેલા બે મજૂરોનો જીવ આબાદ બચાવાયો


### પાણીની પાઈપલાઈન સંદર્ભે ખોદકામગીરી ચાલતી હતી

### ફાયરબ્રિગેડે સમયસર બચાવ કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૧

ચ-૩ નજીક પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવા સંદર્ભે હાથ ધરાયેલી ખોદકામગીરી દરમિયાન આજે સવારે અચાનક ભેખડ ધસી પડતા બે મજૂરો દટાયા હતા. ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ગુંગળાતા મજૂરોનો આખરે ફાયરબ્રિગેડની ટીમે સમયસર જીવ બચાવ્યો હતો.





શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનુ કામ પૂરજોશમાં ચાલે છે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરી સંદર્ભે અગાઉ ઘ-૩ પાસે ખોદકામ પૂર્ણ થયા બાદ હાલ ચ-૩ સર્કલ પાસે તોતિંગ પાઈપોને અનુલક્ષી ખોદકામગીરી હાથ ધરાઈ છે. આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં સાઈટ પર મજૂરો ખોદકામ કરી રહ્યા હતા તે વેળાએ અચાનક માટીની ભેખડ ધસી હતી. જે દરમિયાન સ્થળ પર કામ કરતા મજૂરો પૈકી ભાવેશ રાજુ અમરીયા તેમજ રાકેશ દિને બેસતા ૨૦ ફૂટ ઊંડા ખાડામાં દટાઈ ગયા હતા. અચાનક ધસી પડેલી ભેખડ નીચે દટાયેલા મજૂરો ગુંગળાતા આ મામલે તાત્કાલિક ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર ઓફિસર મહેશ મોડ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

આ દરમિયાન સમયસર મજૂરોને બહાર કાઢી લેવાતા જીવનુ જોખમ ટળ્યુ હતુ. આ બીજો પૈકી રાકેશને સામાન્ય ઈજા થતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ફાયર સૂત્રોના જણાવ્યા મુજબ આ ઘટના પાછળ કોન્ટ્રાક્ટરની બેદરકારી જવાબદાર હોવાનુ પણ પ્રાથમિક દષ્ટિએ માલુમ પડ્યું છે.



## ઈન્ફોસિટીમાં વૃક્ષારોપણ કરી નગરનો જન્મ દિવસ ઉજવાયો

ગાંધીનગરના ૪૮મા જન્મદિનની ઉજવણીના ભાગરૂપે ઈન્ફોસિટી સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગ્રીન ગાંધીનગરના કન્સેપ્ટને અનુલક્ષી ઈન્ફોસિટીના સંકુલમાં ૨૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતુ. આ તબક્કે પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીએ વૈદિક મંત્રોચ્ચાર ઉચ્ચારી વૃક્ષારોપણ કરાવ્યું હતું. નગરને હરિયાળુ બનાવવાની સાથે જન્મદિનની ઉજવણી અન્વયે યોજાયેલા વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચ, ઈન્ફોસિટિના મેનેજીંગ ડિરેક્ટર સુહાસ બારોટ, ડી.એફ.ઓ. ભાવિન વ્યાસ સહિત વિવિધ કંપનીઓના અધિકારીઓ, બ્રહ્માકુમારીઝની બહેનો ઉપસ્થિત રહી હતી.

## શહેર પેન્શનર્સ સમાજની ૩જીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ સેકટરના પ્રતિનિધિઓની બેઠક તા. ૨જી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ ગુરૂવારે રક્ષાબંધનના તહેવારને લીધે બદલીને તા. ૩જી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ શુક્રવારે બપોરે ૪ કલાકે સંસ્થાના કાર્યાલય, બીજ માળ, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, સેકટર-૧૭/૨૨ના બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર ખાતે મળસે. સમાજની આ બેઠકમાં સૌ સભ્યોને હાજર રહેવા પ્રવરમંત્રી નિરંજનભાઈ ઓઝાએ ખાસ જણાવ્યું છે.

## આજે સુંદરકાંડના પાઠ યોજાશે

પવિત્ર શ્રાવણ માસ અને રક્ષાબંધન પર્વ નિમિત્તે ભારતીબાપુ આશ્રમ, સરખેજ ખાતે આજે તા. ૨ ઓગષ્ટ ૨૦૧૨ને ગુરુવારે સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે. આ ઉપરાંત જી-૪, રેસીડેન્સી, નવા નરોડા ખાતે રાત્રે ૯ કલાકે પણ સુંદરકાંડના પાઠ યોજાશે.

## રોહિત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેર તથા જિલ્લામાં રહેતા સાબરકાંઠા જિલ્લા રોહિત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કરવાનો કાર્યક્રમ તેમજ પરિવારની પરિચય પુસ્તિકા બનાવવાની હોવાથી માર્કસીટની નકલ તેમજ પરિવારનું વિગતપત્રક આગામી ૨૫મી ઓગષ્ટ સુધીમાં સમાજના ઉપપ્રમુખ નટવરભાઈ મેસરીયા બ્લોક નં. ૧૫૪/૧, બી-૧ ટાઈપ, સેક્ટર-૨૩ અને ખજાનચી શૈલેષભાઈ પરમાર પ્લોટ નં. ૩૦૨/૨, સેક્ટર-૩-બી ગાંધીનગર ખાતે રૂબરૂ કે પત્ર દ્વારા મોકલી આપવા જણાવાયું છે.

# સેવાના ભાવથી માનવતાની ઝોળી છલકાવી જાય છે લોકો 'સમર્પણ'માં આવ્યાં શ્રધ્ધાને નામે બહેરા-મૂંગા બાળકો

સેકટર-૨૮ની એક શાળા પાસેથી પસાર થતાં જરાં આશ્ચર્ય થયું, લગભગ ૧૦૦-૧૨૫ બાળકો સ્કૂલ યુનિફોર્મમાં રમી રહ્યાં છે, પણ જરાય ઘોંઘાટ અવાજ નથી! બાળકો અને બીલકુલ અવાજ જ નહી અને એ પણ મેદાન પર, જરા ધારીને જોયું તો તેઓ રમતાં હતાં પણ સાંકેતીક ભાષામાં અને એટલામાં જ સ્કૂલના નામનાં પાટીયા પર ધ્યાન ગયું, સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદીર...!!

ખરેખર આ હૃષ્ટપુષ્ટ બિલકુલ સામાન્ય દેખાતા બાળકો જોઈને દયા આવી ગઈ.. અને વાતેય સાચી છે કે દયા એક એવી ભાષા છે કે જે બહેરાં સાંભળી શકે છે અને મૂંગા સમજી શકે છે...આવી જ દયાની સરવાણી આજથી ૨૫ વર્ષ પહેલાં કમલેશભાઈ જાનીને થયેલી, એમનાં ફોઈ બહેરા-મૂંગાની શાળામાં શિક્ષક હતાં, કમલેશભાઈને પછી તો આ મૂક-બધીર બાળકો માટે કંઈક કરવાની તમન્ના જાગી અને ૧૯૮૭માં સે-૨૭ના હાઉસીંગ બોર્ડનાં મકાનમાં ભાડેથી રહી માત્ર બે બાળકો સાથે એમણે આ બહેરાં-મૂંગાની સ્કૂલ ચાલુ કરી...

જોતજોતામાં આ સ્કૂલની પ્રવૃત્તિની જાણકારી લોકોમાં ફેલાવા લાગી અને પછી તો દાનનો પ્રવાહ વહેવા લાગ્યો, બે બાળકોમાંથી બાવીસ થયાં અને કમલેશભાઈની અથાક મહેનતથી એ સંખ્યા સો ને ટપી ગઈ... ધીમે ધીમે આ સેવાકીય કાર્યમાં ગાંધીનગરનાં સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર લોકો જોડાતાં ગયાં...સેવાની ધુણી ધખાવી ગાંધીનગરનાં ઓલીયામાં જેમનું નામ લેવાય છે એવા ગજેન્દ્ર ખારોડ સાહેબે સેકટર-૨૮નાં સરકારી મકાનનો આખો બ્લોક આ સ્કૂલને અપાવ્યો અને સ્કૂલ સુવિધા સંપન્ન થઈ...

મૂક-બધીર બાળકોનાં સર્વાંગી વિકાસ માટે પછી તો સરસ્વતી એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટની રચના થઈ અને સમર્પણ મૂક-બધીર શિશુ વિદ્યામંદિર શાળાની સુવાસ ગાંધીનગરમાં જ નહી પણ અડોશ-પડોશનાં રાજયોમાંય પહોંચી ગઈ. આજે આ સંસ્થામાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રનાં બાળકો ટ્રેનીંગ લેવાં આવે છે. સરકારનાં ધારાધોરણ મુજબ ચાલતી આ શાળામાં ધો-૧ થી ૧૦નાં વર્ગો ચાલે છે.. વિશિષ્ટ લાયકાત ધરાવતાં અનુભવી શિક્ષકો આ વિશિષ્ટ બાળકોને તાલીમ આપે છે. 'સમર્પણ'ના આચાર્ય નટવરસિંહ ચાવડા ૨૨ વર્ષથી દિવસ રાત એક કરી બાળકોની કારકિર્દી ઘડવામાં પ્રયત્નશીલ છે જેમાં એમનો ખંતીલો અને સમર્પીત સ્ટાફ પણ લાગી પડયો છે...

'સમર્પણ'ના પ્રમુખ દિવ્યાબેન રાવલ છે કે જેઓ પોતે મોટેરા ખાતે અન્ય એક મૂક-બધીર શાળા ચલાવી રહ્યા છે. એમનું માર્ગર્શન આ સંસ્થાની પ્રવૃત્તિને વેગ આપે છે. બાળકોની કાળજીથી લઈ મેનેજમેન્ટ સુધીમાં પોતે સક્રિય રહી દરેક પ્રવૃત્તિઓ હૂંફથી સિંચીને બાળકો પાસે કરાવે છે. સમર્પણ સ્કૂલમાં પ્રિન્ટીંગ-કંપોઝીંગ, પેપરબોક્ષ, પગલૂછણીયા, ચોકસ્ટીક, કોમ્પ્યુટર વર્ક, એમ્બ્રોડરી વર્ક વગેરે કાર્યો શિખવવામાં આવે છે કે જે આ બાળકોને સમાજમાં સ્વમાનપૂર્વક સ્વાશ્રયી જીવન જીવી શકે એમાં મદદરૂપ બની શકે.



'સમર્પણ' સ્કૂલમાં ભણવાં આવતા બાળકો કોઈ પણ ધર્મ, જાતિ, જ્ઞાતિ, પંથ કે પ્રદેશના ભેદભાવ સિવાય સાંકેતીક ભાષાથી વાતો કરી એક અનોખા હિદુસ્તાનની ઝાંખી કરાવે છે. આ બાળકોને વિના મૂલ્યે લોજીંગ-બોર્ડીંગ કપડાં, વૈદ્યકીય સારવાર, અભ્યાસની પ્રત્યેક સામગ્રી અને વ્યવસાયિક તાલીમ મળે છે જેમાં ગાંધીનગરનાં સુજ્ઞ પરિવાર તરફથી શાળાને હૂંફ અને આર્થિક સહકાર મળતાં આ સ્કૂલ અને બાળકો વિકાસ સાધી શકયાં છે!!

'સમર્પણ' સ્કૂલમાં કેટલાંય લોકો સ્વૈચ્છાએ વર્ષોથી સેવા આપી રહ્યાં છે. જેમાં ડૉ. પ્રવીણભાઈ બોધાણી અઠવાડીયે બે વાર આવી બાળકોની તપાસણી કરી દવા આપી જાય છે. બી.જે.જોષી કે જેઓ ખજાનચી છે તેઓ અહીંના દરેક હિસાબ-કિતાબ રાખે છે. ડૉ. નંદલાલ માનસેના કે જેઓ અમદાવાદમાં ખ્યાતનામ ઈ.એન.ટી. સર્જન છે તેઓ એમની સેવાઓ આપે છે. ગાંધીનગરનાં મહિલા અગ્રણી લતાબેન ચોકસી બાળકોને નિયમીત વહાલ કરવાં આવે છે. જે.એન. પરીખ સંસ્થાનાં નાના-મોટાં કામો નિસ્વાર્થ ભાવે કરે છે. આ સિવાય પણ વાય.એન. નાન્જુડીયા, પ્રો. રવિન્દ્ર દવે, દિલીપભાઈ, ધર્મેશ ત્રિવેદી, વિનોદ બારોટ, ડૉ. હરસુખભાઈ ત્રિવેદી અને અન્ય નામી અનામી 'સમર્પણ'ના બાળકોના મૂક આશીર્વાદની ભાવના સિવાય એમની જાતને અહીં સમર્પીત કરી છે.

બધિરતા સાથે સંગીતનો તાલ મેળવવો અઘરો છે અને છતાંય આ બાળકોને ગીત-સંગીતના તાલે રાસ-ગરબા-નૃત્ય-ડ્રામા-નાટક-ખૂબ જ સારી રીતે પ્રદર્શિત કરી લોક ચાહના મેળવે છે. અને આ દરેક પ્રવૃત્તિઓ કરાવવામાં ડી.ડી.એડ.ની તાલીમ લીધેલા ખાસ શિક્ષકો મદદરૂપ થાય છે. આ સમગ્ર સંસ્થાના વ્યવસ્થામાં ભરત ત્રિવેદી અને ગૃહપતિ તરીકે દિલીપભાઈ બરેડા મૂક-બધીર બાળકો સાથે એકરૂપ થઈ પ્રવૃત્તિઓ ચલાવે છે...

'સમર્પણ' બહેરા-મૂંગાની શાળાને અનેક ઉંચાઈ અને નામના બક્ષનાર કમલેશભાઈ થોડાક વર્ષો પહેલાં સ્વર્ગે સિધાવી ગયાં અને એમનાં સંપૂર્ણ કાર્યો જવાબદારીપૂર્વક એમનાં હોનહાર સુપુત્ર વૈભવભાઈ જાની બમણાં જુસ્સાથી કરી રહ્યાં છે. યુવાન અને ત્વરીત કાર્યશૈલીમાં માનતાં વૈભવભાઈએ મૂક-બધીર બાળકોને રમતની પ્રવૃત્તિઓ વિકસાવી તેઓ પોતે આમને વોલીબોલ શિખવાડે છે અને વિશેષ સ્પર્ધામાં આમની સ્કૂલનાં બાળકો ચેમ્પિયન થયેલાં છે!!

લગ્નની વયે પહોંચેલાં આ મૂક-બધીર બાળકોનાં સમૂહ લગ્નનું ભવ્ય આયોજન વૈભવભાઈએ કરેલું અને આજે તો સતત પાંચ વર્ષથી આ લગ્ન મેળાવડો યોજી લગભગ ૬૫ જણને પ્રભુતામાં પગલાં માંડી આપ્યાં છે. આ સમૂહ લગ્નમાં કલ્ચરલ ફોરમનાંઅધ્યક્ષ કૃષ્ણકાંત જહા અને કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસે વિશેષ જહેમત ઉઠાવી આ દરેક જોડીને કરિયાવરથી કરિયાણા સુધીની સગવડ કરી આપી સંસાર માંડી આપ્યો છે. વૈભવભાઈએ આ લોકોને સ્વનિર્ભર થવા વિશેષ મહેનત કરી જેથી સમાજમાં કોઈના પર ભારરૂપ ના થાય!!

આજે આપણે સૌ જીંદગીમાં કંઈક મેળવવાં ઉધામા કરીએ છીએ ત્યારે આપણા સૌની ફરજ છે કે વ્હીલચેરને જોવાને બદલે તેમાં બેઠેલી વ્યકિતને જોઈએ, લાકડી પકડનારને જોવાં કરતાં એને મદદ કરવાની તત્પરતા દાખવીએ, આમ જૂઓ તો આ દુનિયામાં વિના મદદ કોઈ રહી શકતું નથી, ન તમે, ન હું, ન કોઈ, તો આ બહેરા-મૂંગા બાળકોનેય કંઈક આપવાની ભાવના બતાવીને કંઈક 'સમર્પણ' કરી ધન્ય થઈએ!!

સંબંધ સજાવે જિંદગી
વીર આર ફેમીલી
- સંજય થોરાત
gsrelation@yahoo.com

**બહેરા સાંભળી શકે અને મૂંગા સમજી શકે એવી દયાની દૃષ્ટિનો ધોધ નગરવાસીઓએ જેના પર અવિરત વહાવ્યો છે એવી 'સમર્પણ' સ્કૂલનાં મૂક-બધીર બાળકોને જિંદગી જીવવાની રાહ ચિંધવામાં વૈભવભાઈ જાની અને દિવ્યાબેન રાવલ તન્મયતાથી સમર્પિત થયાં છે**

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
કયા સુપર કુલ હે હમ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧૨.૩૦, ૭.૦૦
બોલ બચ્ચન : ૧૨.૪૫
કૉકટેલ : ૪.૦૦
કયા સુપર કુલ હે હમ : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ગટ્ટુ : ૧૦.૦૦
કૉકટેલ : ૧૧.૩૦, ૧૦.૧૫
બોલ બચ્ચન : ૨.૧૫, ૭.૧૫
આલાપ : ૫.૦૦
કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કયા સુપર કુલ હે હમ : ૯.૦૦, ૧.૩૦, ૧૦.૧૫
આઈસ એઝ ૪:કોન્ટીનેન્ટલ ડ્રિફ્ટ (૩ડી) હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૬.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૨ :
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૯.૩૦
કયા સુપર કુલ હે હમ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
બોલ બચ્ચન : ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૦૦
ધ ડાર્ક કેનાઈટ રાઈસીસ (હિન્દી) : ૧.૦૦
કયા સુપર કુલ હે હમ : ૭.૧૫
: સ્ક્રીન-૪ :
કયા સુપર કુલ હે હમ : ૧૦.૩૦
કૉકટેલ : ૧.૧૫, ૭.૦૫
ધ ડાર્ક નાઈટ રાઈસીસ (હિન્દી) : ૪.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

કયા સુપર કુલ હે હમ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
દેશ પરદેશ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પરેશભાઈ દવે, ઈશાન ફલેટ, સેકટર-૨૩ ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન સ્તોત્રમ્ પાઠ અને સ્તુતિ વંદના રાત્રે ૯-૦૦ કલાકે યોજાશે.
- શ્રી રામજી, મંદિર શ્રીરામ ધામ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિતે સવારથી વિવિધ રાખડીઓના હિંડોળા.

## આપની આજ

**મેષ** : વ્યાપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થશે. સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ મળી રહેશે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**વૃષભ** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. આવક કરતાં વધુ ખર્ચ થવાની સંભાવના છે. કુટુંબીજનો સાથે દિવસપસાર થશે.

**મિથુન** : શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્ય સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા થવાની સંભાવનાઓ છે. સ્નેહીજનો સાથે મુલાકાત થશે.

**કર્ક** : જૂના મિત્રો અને સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો પ્રબળ યોગ બની રહ્યો છે. શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકશે.

**સિંહ** : ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**કન્યા** : ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**તુલા** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**વૃશ્ચિક** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે. સામાજિક માન-સન્માનમાં વધારો થઈ શકે છે.

**ધન** : ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**કુંભ** : અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**મીન** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

## ચિરવિદાય

- સ્વ. રસિકાબેન કિશોરચંદ્ર ગગલાણી (ઉ.૫૭) જી.એસ.આઈ. કોલોની, સેકટર-૧૨, ૩૧૬, ગાંધીનગર
- સ્વ. મુકેશભાઈ હિરાભાઈ પરમાર (ઉ.૩૫) મુ. પાલજ, તા. જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન નટવરલાલ મીરાણી (ઉ.૮૫) પ્લોટ નં. ૩૩૮/૧, સેકટર-૨૩, ગાંધીનગર.